## ૨. મેં એક બિલાડી પાળી છે...





મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.

તે હળવે-હળવે ચાલે છે
ને અંધારામાં ભાળે છે.

દૂધ ખાય, દહીં ખાય,
ઘી તો ચપચપ ચાટી જાય.



તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે,



તેના ડીલ પર ડાઘ છે.
તે મારા ઘરનો વાઘ છે.

– ચંદ્રવદન મહેતા

## ૧૧. રમત

### ચકલી ઊડે.... ફરરર



# શિક્ષકો માટે

(૧) બગીચાનાં ચિત્ર પરથી આપેલ પ્રશ્નોના જવાબ મેળવવા.

(૨) ચિત્રમાં રંગપૂરણી કરાવો.

(૩) રમતનાં સાધનોની જોડી બનાવડાવો.

(૪) આ પ્રવૃત્તિમાં – કાગળના તોરણ, પાનના તોરણ, કાગળની હોડી, કાગળના ડૂચાના લાડવા, બટન પરોવવા વગેરે કરાવો.

(૫) આ પ્રવૃત્તિમાં ટપકાં જોડાવીને બાકીના વર્તુળમાં તે મુજબ દોરાવો.

(૬) આ પ્રવૃત્તિમાં અલગ પડતા ચિત્ર ઉપર ◯ કરાવો તથા પશુ, પક્ષી વિશે ચર્ચા કરાવો.

(૭) આ પ્રવૃત્તિમાં ઘરમાં જે વસ્તુઓ હોય તેમાં લાલ રંગ, શાળામાં હોય તો લીલો રંગ અને બંને જગ્યાએ હોય તો પીળો રંગ પૂરાવો તથા દરેક વસ્તુના ઉપયોગ અંગે વિદ્યાર્થી પાસે કહેવડાવો.

(૮) આવી અન્ય કૂતુહલપ્રેરક પ્રવૃત્તિ કરાવો.

(૧૧) બધાં વિદ્યાર્થીઓને અર્ધવર્તુળમાં બેસાડવાં. શિક્ષક પંખી, પ્રાણીઓ અને વસ્તુઓનાં નામ એક પછી એક બોલતા જાય. પંખીનું નામ આવે ત્યારે બાળકો 'ફરરર...' એવો અવાજ અને હાથથી ઊડવાની ક્રિયા કરશે. પ્રાણી અને વસ્તુનાં નામ વખતે જે વિદ્યાર્થી આમ કરશે તે આઉટ ગણાશે.

# ૩ : અજબ જેવી વાત છે





નાની મારી આંખ, એ જોતી કાંક કાંક,
એ તે કેવી અજબ જેવી વાત છે !

નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મજાનું,
એ તે કેવી અજબ જેવી વાત છે !



નાના મારા કાન, એ સાંભળે દઈને ધ્યાન,
એ તે કેવી અજબ જેવી વાત છે !

નાનું મોઢું મારું, એ બોલે સારું સારું,
એ તે કેવી અજબ જેવી વાત છે !



નાના મારા હાથ, એ તાળી પાડે સાથ,
એ તે કેવી અજબ જેવી વાત છે !



પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તે કેવી અજબ જેવી વાત છે !

– ઉપેન્દ્રાચાર્ય

**નવા શબ્દો**

અજબ ◆ કાંક ◆ સાથ ◆ ધ્યાન

## ૧. પ્રશ્નોના જવાબ આપો.

(૧) આપણે શાના વડે જોઈએ છીએ ?

(૨) કાન શું કામ કરે છે ?

(૩) આપણે તાળી શાનાથી પાડીએ છીએ ?

(૪) ગીતમાં કયાં-કયાં અંગોની વાત કરવામાં આવી છે ?

## ૨. જોડકાં જોડો.















## ૩. વાંચો.

| | | | |
|---|---|---|---|
| નમ | જન | નમન | ગગન |
| મન | જગ | જગન | મનન |
| | જમ | મગન | |


૪. ઉદાહરણ મુજબ રંગ પૂરો.





'ગ' ઓળખો




'મ' ઓળખો




'ન' ઓળખો




'જ' ઓળખો

૫. વાંચો.

નમન નમ.

મગન જમ.

મનન નમ, જમન જમ.

ગગન મગ જમ.


૬. ઓળખો અને ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| ગ | જ ગ | પ ગ ર વ | મ ગ ર |
| મ | ન મ | મ ગ | જ મ ણ |
| ન | ન મ ન | ન ગ ર | ગ ગ ન |
| જ | જ ન ક | ગ ર જ | ર જ ત |


૭. વાંચો અને જોડો.

| | |
|---|---|
| ગાન | જાગ |
| નામ | માગ |
| જાગ | જાન |
| માગ | ગાન |
| ગાજ | નામ |
| જાન | ગાજ |

## ૮. ટપકાં જોડો અને લખો.



## ૯. આંગળી ફેરવો.



૧૦. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગ | ગ | ગ | ગ | ગ | ગ |
| મ | મ | મ | મ | મ | મ |
| ન | ન | ન | ન | ન | ન |
| જ | જ | જ | જ | જ | જ |
| ા | ા | ા | ા | ા | ા |
| ગા | | | | | |
| મા | | | | | |
| ના | | | | | |
| જા | | | | | |

૧૧. ખૂટતો અક્ષર લખો.



.......ળ



પે.......



ભ.......રડો



પતં.......




.......જર



.......મફળ

## ૧૨. જોડકાં જોડો.



## જવાબ આપો.

(૧) તમે દાંત કેવી રીતે સાફ કરો છો ?

(૨) આપણે નખ કેમ કાપવા જોઈએ ?

(૩) આપણે ક્યારે ક્યારે હાથ ધોવા જોઈએ ?

(૪) છીંક ખાતી વખતે મોં આડે રૂમાલ કેમ રાખવો જોઈએ ?

(૫) ધોયેલાં કપડાં પહેરવાથી શો ફાયદો થાય ?

(૬) શરીર ગંદું કેવી રીતે થાય ?

(૭) ઘરનો કચરો ક્યાં નાખવો જોઈએ ?

(૮) આપણું ઘર કોણ સ્વચ્છ રાખે છે ?

(૯) ઘર અને ગામને ચોખ્ખું રાખવા શું કરવું જોઈએ ?

(૧૦) તમે કચરાપેટી ક્યાં ક્યાં જોઈ છે ?

# શિક્ષકો માટે

(૧) પ્રશ્નોત્તરીના માધ્યમથી વિદ્યાર્થીઓનું શ્રવણ-કૌશલ્ય, અર્થગ્રહણ અને કથન-કૌશલ્ય સુદૃઢ બને તે માટે તેના પર વધુ ભાર મૂકવો.

(૨) શરીરનાં વિવિધ અંગો અને તેની ઉપયોગિતા વિશે જાણે એ જરૂરી છે.

(૩) ગ, મ, ન, જ દ્વારા આપવામાં આવેલ શબ્દોનું વિદ્યાર્થીઓને શ્રવણ કરાવવું.

(૪) વિદ્યાર્થીઓ પાસે રંગ પૂરાવ્યા બાદ મૂળાક્ષરોનું વાચન કરાવો.

(૫) ગ, મ, ન, જ, ા મૂળાક્ષરથી બનતા અન્ય શબ્દો મોટેથી વંચાવો.

(૬) મૂળાક્ષરને ઓળખ્યા બાદ વંચાવો અને આવા અન્ય મહાવરા કરાવો.

(૭) વિદ્યાર્થીઓ ગ, મ, ન, જ મૂળાક્ષર શીખે અને સાથે કાનો ( ા ) શીખે એવા મહાવરા પૂરા પાડવા.

(૮) લેખન માટેનો મહાવરો કરાવો.

(૯) મૂળાક્ષર ઉપર તીરની દિશા મુજબ આંગળી ફેરવાવો.

(૧૦) ‘ ા ’ વાળા શબ્દોનો વધુ મહાવરો કરાવો.

(૧૧) ચિત્ર ઓળખાવી ખૂટતો મૂળાક્ષર લખાવવો.

(૧૨) વિદ્યાર્થીઓ ચિત્રો આધારે પોતાના અંગોની સ્વચ્છતા વિશે પ્રશ્નોના ઉત્તર આપશે.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ગ, મ, ન, જ | ા (કાનો – ‘આ’ની માત્રા) | • શરીરના અંગોનો પરિચય અને તેની ઉપયોગિતા<br>• અંગોની સ્વચ્છતા |

◆

# ૪ : આવ રે વરસાદ




- આવો મેઘરાજા...
  આવો મેઘરાજા...
  વગડાવો વાજાં,
  પી પી પી પી પોમ્ પોમ્ (૨)
  મુશળધાર મુશળધાર...
  વરસે છે પાણીડા ધાર
  છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)
  રેલમછેલ... રેલમછેલ...
  નદીનાળાં રેલમછેલ,
  સરરરર... સરરરર... સોમ્ સોમ્ (૨)